ૐ

અખંડ સૌભાગ્યવતી સ્ત્રીઓને સદુપદેશ આપવાવાળું

પતિવ્રત સન્માર્ગ—

# સ્ત્રીઓનો સાચો દેવ

યાને

# પતિવ્રત ગીતા.


પ્રયોજક પ્રસિદ્ધકર્તા:

પુરૂષોત્તમરાય શિવરાય ભટ્ટ—મેવાડાકર.

હેડમાસ્તર માલોસણ સ્કુલ. રે. મેવાડા, તા. વિજાપુર.



કીંમત રૂ. ૦-૬-૦.

ॐ

અખંડ સૌભાગ્યવતી સ્ત્રીઓને સદુપદેશ આપવાવાળું

પતિવ્રત સન્માર્ગ—

# સ્ત્રીઓનો સાચો દેવ

યાને

# પતિવ્રત ગીતા.

---


પ્રયોજક પ્રસિદ્ધકર્તાઃ

**પુરૂષોતમરાય શિવરાય ભટ્ટ—ગવાડાકર.**

હેડમાસ્તર માલોસણ સ્કુલ. રે. ગવાડા, તા. વિજાપુર.





અમદાવાદ—પાનકોર નાકે "શ્રી મનહર પ્રીન્ટીંગ પ્રેસ"માં

મોતીલાલ ગણપતરામે છાપી.

પ્રથમાવૃત્તિ　　પ્રત ૧૦૦૦.

સને ૧૯૨૧.　　સંવત ૧૯૭૭.

કીંમત રૂ. ૦-૬-૦.

॥ ॐ श्री ॥

# અર્પણ પત્રિકા.

પવિત્ર સુજ્ઞ સન્નારીઓ; અજ્ઞાન, વહેમની બેડીઓ

તોડી, પતિપરાયણ થઇ, પોતાના સતિત્વપણાની

ફરજ અદા કરવા પોતાનો સ્ત્રીધર્મ સમજે,

તે હેતુથી ભારત સ્ત્રીરત્નોના

કરકમળમાં આ ગ્રંથ

સમર્પિંએ છીએ.

લી. શુભેચ્છક

તા. ૭-૩-૨૧ } પુરૂષોતમરાય શિવરાય ભટ્ટ

ગવાડાકર.

શિવરાત્રિ. } હેડમાસ્તર-માલોસણ સ્કુલ.

# "બે બોલ"

પ્રસ્તુત પુસ્તક ખાસ સ્ત્રીઓને, આ લોક વિષે સુખમય, સ્વર્ગીય આનંદ ભોગવી પરલોક વિષે સ્વામીસહ સ્વર્ગે જવાય તેવો સન્માર્ગ દર્શાવી આપે છે. જેથી આ પુસ્તકનું નામ "**સ્ત્રીઓનો સાચો દેવ**" રાખવામાં આવ્યું છે.

આ પુસ્તક પ્રાથમિક કેળવણી લીધેલી સ્ત્રીવર્ગને સરળતાથી વાંચી, સમજ પડી શકે. તેમજ પ્રથમ, ખાસ પોતાના આત્મકલ્યાણકારી ચારિત્ર સુધારી, પતિપ્રત્યેના કર્તવ્યોની ફરજ અદા કરી, તેનું પ્રતિપાલન કરે, અને સ્વદેશના ભવિષ્યને ઉજ્જવલ કરી શકે, અને આર્ય સંસારમાં પતિપત્નિના અન્યોઅન્ય થતા કલહ કંકાસો દુર થાય, ને ખરો ધર્મ શું છે. તે સમજે એવા અનેકવિધ ઉદ્દેશોથી સુવાસીની સ્ત્રીઓને ખાસ ઉપયોગી નાનકડું પુસ્તક વાંચકવૃંદના કરકમળમાં મુકતાં આનંદ થાય છે.

આ પુસ્તક કેટલાક મોટા અન્ય પુસ્તકોમાંથી ટુંકાણમાં સાર લઇ સ્ત્રીવર્ગ હમેશાં મનન કરી શકે તેટલા માટે રચવામાં આવ્યું છે. જેથી જે જે કર્તાઓના લેખો તથા કાવ્યો આ સંગ્રહમાં લેવામાં આવ્યા છે તેમનો હું આભારી છું. આ પુસ્તકથી હું કોઇ વિદ્વાન ગ્રંથકારનો આડંબર કરતો નથી. જેથી આ પુસ્તકમાં ઉછરતા

લેખકનો પ્રથમ પ્રયાસ હોવાથી ઘણી ભુલો રહી જવા પામી હશે તો વાંચકવર્ગ દરગુજર કરશે એવી આશા રાખું છું.

અને આ પુસ્તક શાસ્ત્ર આધારે ખાસ જેમને માટે લખવામાં આવ્યું છે તેઓમાં સારો સત્કાર થઈ બહોળો ફેલાવો થાય. અને પરિણામે જે ઉદ્દેશથી લખવામાં આવ્યું છે તે ઉદ્દેશ સફળ થાય, એ અંતિમ ઇચ્છાને આશા પ્રદર્શિત કરી વિરમું છું. અસ્તુ! આમીન! આમીન!

નાગપંચમી.
તા. ૧૬-૮-૧૯

લી૦ આપનો,
"પી. એસ. ભટ્ટ." ગવાડાકર
કર્તા.



ૐ

અખંડ સૌભાગ્યવતી સ્ત્રીઓને સદુપદેશ આપવાવાળું

પતિવ્રત સન્માર્ગ—

# સ્ત્રીઓનો સાચો દેવ

યાને

# પતિવ્રત ગીતા.

## આરંભ સ્મરણ.

ૐ

વંદુ જયશ્રી ગણેશ ત્રાતા ( ગણપતિ )
સ્મરૂ જયશ્રી સારદા માતા ( સરસ્વતિ )
નમું જયશ્રી ત્રિભૂવન દાતા
માગું સહાય શુભ આરંભ થાતા.

( વિદ્યા વિલાસી. )

## પ્રથમ દ્રશ્ય: ગદ્ય.

મણકો ૧—સ્ત્રીઓએ સૂર્યોદય થતાં અગાઉ પતિ પહેલાં ઉઠી પોતાના પ્રભુ ( પતિ ) નાં દર્શન કરી, ચર્ણોનો સ્પર્શ કરી પ્રણામ

કરવા. પછી ઇશ્વિર સ્તુતિ કરી સ્વામીને જોઇતી ચીજ ભાવ. (-દાતણ પાણી ). વિગેરે આપી, ત્યાર પછી ઘર સ્વચ્છ કરી; સ્નાન કરી, કેશ સુધારી, વેણી ધારણ કરી, લલાટે ચાંદલો કરી, સુવાસિની શણગાર સજી ગૃહકાર્યમાં પ્રવર્ત રહેવું.

ટાઇમે ટાઇમે સ્વામીને જોઇતી ચીજ ભાવ આપી, પતિ પ્રેમને રીઝવી, આખો દિવસ આનંદથી ગાળવો.

**મણકો ૨**—સવારમાં સ્નાન કરી સાસુ સસરાને પગે લાગવું. પોતાના પતિ સંબંધીનાં કાર્યો સ્ત્રીએ પોતેજ કરી. તેને પ્રસન્ન કરવો. કોઈ રીતે પણ તેને અપ્રસન્ન થવા દેવો નહિ કારણ સ્ત્રીના (તમામ) સર્વ સુખનો આધાર, જીંદગીનો માલીક, સ્વામીજ છે. જેથી તેણે પતિના સુખે-સુખ; ને પતિના દુઃખે-દુઃખ, માનવું યોગ્ય છે. જેથી પતિની સેવા કરવી એ સ્ત્રીનો મુખ્ય ધર્મ છે.

**મણકો—૩** સ્ત્રીએ સ્વામીને ભોજન કરાવ્યા બાદ તેની આજ્ઞા લઈ બાકી રહેલું ભોજન પોતે કરવું. રાત્રીએ પોતે રૂચિ પ્રમાણે ભોજન કરાવી. કરી; ઘરનું બાકી રહેલું કામ સમાપ્ત કરી. તથા સારી શુદ્ધ શય્યા બીછાવીને પતિની સેવામાં હાજર થવું. અને તેમના ચરણની સેવા કરવી તથા તેમનું શુભ ચિંતન કરી સ્વામીને પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરવો.

**न दानैःशुध्यते नारी नोपवासशतैरपि ।**
**न तिर्थ सेवया तद्वत् भर्तुः पादोदकैर्यथा ॥**

પતિવ્રતા સ્ત્રી પોતાના પતિનાં ચરણોદક પીવાથી શુદ્ધ થાય છે. તેવી દાન તથા સેંકડો વ્રત-ઉપવાસ કરવાથી તથા તીર્થ સેવન વડે પણ શુદ્ધ થતી નથી.

**મણકો ૪**—સ્ત્રીઓને ભૂષણમાં મુખ્ય ભૂષણ પતિજ છે. મતલબ કે સ્ત્રીઓ ગમે તેટલાં અલંકાર પહેરે પણ પતિને પ્રસન્ન કરતી નથી તેનાં વસ્ત્ર, અલંકાર, પહેરવાં તદન નિર્થક છે. કારણ પતિ પ્રસન્ન કરવાથી પરમેશ્વર પ્રસન્ન થાય છે.

* * * * *

**મણકો ૫**—સ્ત્રીએ પોતાના સ્વામીનું વચન પાળવું. કારણ એ સમાન બીજો ધર્મ નથી. વચન પાળવાથીજ સ્વર્ગ મળે છે.

* * * * *

**મણકો ૬**—સ્ત્રીએ પતિને વશ કરવા માટે શુદ્ધ પ્રેમભકિત એજ મહાન મંત્ર છે. વળી નારાયણ (ભગવાન) કહે છે કે—

હે નારદમુનિ ! પતિવ્રતા સ્ત્રીઓ પોતાનો પતિ બેડોળ, રોગી, નિર્ધન, દુરાચરણી હોય, પણ તિરસ્કાર કરવો નહિ. તેમજ કારણ વિના પતિથી દૂર રહેવું નહિ ને પતિ જે કાર્ય કરવાનો હુકમ કરે તે તુરત સહર્ષ કાર્ય કરવું.

**व्यथिताऽपिभर्यंत्यस्का कंठे गृहणीत वल्लभं ।**
**उच्चैर्नरोदनं कुर्यात् नैवाक्रोशेच्चतं प्रति ॥**

સ્વામીએ કંઈ કારણસર મારી હોય તો પણ પોતાના મનમાં તે ક્રોધ ના લાવતાં ઘરમાં મોટે સાદે રડવું નહિ. તેમજ સ્વામીને પજવવો નહિ પણ તેની સાથે શાન્ત વચન બોલી ગુન્હાની માફી માગવી. તેમજ રડતાં રડતાં બીજે ઠેકાણે નાસી જવું નહિ.

* * * * *

**મણકો ૬**—જે સ્ત્રી પતિની આજ્ઞાનું ઉલંઘન કરે છે. તથા પતિને પ્રસન્ન રાખતી નથી. તથા સેવા કરતી નથી તે સ્ત્રી અવસ્ય નરકમાં વાસ કરે છે.

**तदाज्ञारहितं कर्म न कुर्याद्वैरतः सती ।**
**नारायणात्परतरं ध्यानेत सततं पतिम् ॥**

સતી પોતાના પ્રાણનાથની જે કામમાં આજ્ઞા ન હોય તે કામ ઉપર વેર રાખી કદી પણ કરતી નથી અને પતિને નારાયણ (પ્રભુ) થી પણ અધિક ગણી તેનું ધ્યાન ધરે છે.

**उत्तरे नोत्तरं दद्यात्स्वामिनश्च पतिव्रता ।**
**न कोपं कुरुते शुद्धा ताडिता चापिको पतः ॥**

પતિવ્રતા સ્ત્રી પોતાના સ્વામીના સામો પ્રત્યુત્તર કરવા તૈયાર થતી નથી. એટલુંજ નહિ પણ પોતાનો પતિ કોઈ વખત કોપથી મારે તો પણ પતિવ્રતા પોતાના પતિ ઉપર કોપ કરતી નથી.

* * * * *

**મણકો ૭**—સ્ત્રીએ પોતાના માબાપને ઘેર જવું હોય તો પતિની આજ્ઞા લઈ રજા આપે એટલે જવું. ત્યાં વધારે વખત રહેવું નહિ. સ્ત્રીએ કોઇ સ્થળે એકલી જવું નહિ. તેમજ સ્નાન કરતી વખતે વસ્ત્ર શિવાય (નગ્ન) સ્નાન કરવું નહિ.

* * * * *

**મણકો ૮**—પોતાનો સ્વામી જેને સાથે બોલવાનું કહે તેની સાથેજ ખપ પુરતું ભાષણ કરવું. ને ના કહે તેની સાથે બોલવું નહિ.

**મણકો ૯**—કોઇ પણ સ્ત્રી પોતાના પતિ સાથે કલેશ કંકાશ કરે છે તેમજ ગરેણાં ગાંઠા સંબંધી તથા કોઇ પણ બાબતથી પતિને નારાજ રાખે છે તે સ્ત્રી અવસ્ય નરકની અધિકારી બને છે. પણ સ્ત્રીએ પતિને ધીરજ આપવી. જે જે વસ્ત્રો અને અલંકાર હોય તેમાં સંતુષ્ટ રહી પતિને પ્રસન્ન રાખનાર અવસ્ય સ્વર્ગવાસીની થાય છે.

* * * * *

**મણકો ૧૦**—સ્ત્રીઓનો મુખ્ય દેવ પોતાનો સ્વામીજ છે. જેથી પ્રથમ પતિના ચરણોને ધોઇ પુંજન કરવું ત્યારબાદ હંમેશાં ભોજન કરવું. આ જગતમાં સ્ત્રીઓને સ્વામી શિવાય અન્ય કોઇ પણ સુખ આપનાર કે સ્વર્ગે પહોચાડનાર નથી.

* * * * *

**મણકો ૧૧**—જે સ્ત્રી સ્વામીની આજ્ઞા લીધા શિવાય ધર્મ, ઉપવાસ, વ્રત, વિગેરે કંઈ કરશે તો તેનાથી તેને સ્વર્ગ નહિ મળતાં ઉલટું સ્વામીનું આયુષ્ય ઓછું કરી પોતે નરકમાં પડે છે. માટે આજ્ઞા પાળવી એજ સ્ત્રીઓનો પરમ ધર્મ છે.

* * * * *

**व्रतं तपस्या देवार्चा परित्यज्यप्रयत्नतः ।**
**कुर्याच्चरणसेवाः च स्तवनं परितोषणम् ॥**

પતિવ્રતા સ્ત્રીઓએ વ્રત, તપસ્યા, દેવપુજનને મુકી પોતાના પતિનીજ પ્રયત્નથી પુંજા કરવી તેની સ્તુતિ કરવી અને તેનેજ પ્રસન્ન કરવા જોઇએ.

* * * * *

**कार्येषु मंत्री, करणेषु दासी ।**
**स्नेहेषु माता, शयनेषु रंभा ॥**
**धर्मेषु साह्या, क्षमयाधरित्री ।**
**षाडगुण्य युक्तात्विह धर्मपत्नी ॥ १ ॥**

**મણકો ૧૨**—સ્ત્રી પોતાના સ્વામી પ્રત્યે-વિચાર કરવામાં પ્રધાનનું કામ કરે છે એટલે પ્રધાનની પેઠે સલાહ આપે છે. કામ કરતી વેળા દાસીની પેઠે મહેનત લઇને કામ કરે છે. ને માતા જેવો સ્નેહ રાખે છે. શયનને વિષે તો રંભા છેજ. ધર્મનીતિના કામ કરવા વિષે ધણીને સંમત રહે છે અને સહનશીલતા રાખે છે. એવી

૭ ગુણ ધરનારી સ્ત્રીને વિદ્વાનોએ ધર્મપત્નિ કહી છે. અને એજ ૭ ગુણો પતિવ્રતા (સતિ) ના કહેવાય છે.

* * * *

**મણકો ૧૩**—પતિવ્રતા સ્ત્રી પતિના ભોજન કર્યા પછી પોતે જમે છે. અને પોતાના સ્વામીના બેઠા પછી પોતે બેસે છે. તેનું નામ પતિવ્રતા કહેવાય છે.

* * * *

**क्षुधितं भोजयेत्कांतं तृषितं पाय येज्जलम् ।**
**न बोधयेत्तं निद्रातं प्रेरयेनैवकर्मसु ॥**

પોતનાં કાન્તને ક્ષુધા લાગે ત્યારે તેમને ઉત્તમ ભોજનથી તૃપ્ત કરવા, તેમને તૃષા લાગે ત્યારે શીતળ સુગંધી જળ પાવું. તે નિંદ્રામાં હોય તો તેમને જગાડવા નહી. અને કોઈ વખતે કાંઈ પણ કામ તેમને બતાવવું નહિ. એ લક્ષણો પતિવ્રતા સ્ત્રીનાં છે.

**पतिः पतिव्रतानां च मुच्यते सर्व पातकात्**

પતિવ્રતાનો પતિ સર્વ પાપથી મુક્ત થાય છે.

* * * *

**મણકો ૧૪**—સ્ત્રીઓએ જરૂરનું કામ શિવાય બીજા જોડે વધારે બોલવું નહિ. કોઇને ખોટુ લાગે તેવું બોલવું નહિ. વળી પર-પુરૂષ તથા પરસ્ત્રીની વારતા કરવી નહિ. વધારે હસવું નહિ. વધારે રીસાળ સ્વભાવ તથા ક્રોધ કરવો નહિ. વધારે મિષ્ટ પદાર્થોને જમવા ટેવ પાડવી નહિ. લાલચુ થવું નહિ.

* * * *

**મણકો ૧૫**—સદાચાર પાળનારી સતિ સ્ત્રી (પતિવ્રતા) ને જોઈ યમદુતો પણ દુરાચાર પાળનાર સ્વામીને લઈ જવાને શકિતવાન થતા નથી. આ વાકયનું દષ્ટાંત સાવિત્રીના આખ્યાનથી સિદ્ધ થાય છે.

* * * *

**મણકો ૧૬**—પતિ પરદેશ ગયો હોય તો ખાસ ઉત્સવના દિવસો શિવાય હંમેશાં સારાં વસ્ત્ર કે અલંકાર પહેરવાં નહિ. ને સ્વામીના આયુષ્યની વૃદ્ધિ કરનાર દેવતાનું પુંજન કરવું ને સ્વામીનું હિત ઇચ્છી; ચિંતવન કરવું. આનંદ કરવો નહિ, પરઘેર જવું નહિ, હસવું નહિ, પરપુરૂષ સાથે બોલવું નહિ, જ્યાં ત્યાં ભટકવું નહિ.

* * * *

**दरिद्रं व्याधितं मुर्खं भर्तारं यान मन्यते ।**
**सामृता जायते व्यालि वैधव्यं च पुनः पुनः ॥**

**મણકો ૧૭**—દરિદ્રી, વ્યાધીવાળો અને મુર્ખ ગમે તેવો સ્વામી હોય તો તેનેજ માનવો જોઇએ જો ના માને તો (જે સ્ત્રી માનતી નથી) તે સ્ત્રી મૃત્યુ પછી સર્પિણી થાય અને વારંવાર વિધવા થાય છે.

**उक्ताप्रत्युत्तरं दद्यात् नारी क्रोधे न तत्परा ।**
**सरमा जायते ग्रामे शृगाली निर्जने वने ॥**

સ્વામીએ કંઇ પુછ્યું હોય અને ગુસ્સે થઇ તેનો જવાબ જે સ્ત્રી આપે છે તો તે સ્ત્રી બીજા જન્મમાં કુતરી થાય છે. અને અઘોર વન કે જેમાં કોઇ પણ મનુષ્ય ન હોય ત્યાં શિયાળ થાય છે. માટે મધુર વચનોથી સ્વામી સાથે સાચે સાચો ઉત્તર આપવો.

* * * *

**મણકો ૧૮**—જે સ્ત્રી પોતાના સ્વામી પહેલાં તેમજ સ્વામી શિવાય એકાન્તમાં જઇને ખાવાના પદાર્થો ખાય છે તેનો ક્ષુવટ પક્ષીનો અવતાર થાય છે.

* * * *

જે સ્ત્રી પરપુરૂષપર ખરાબ દૃષ્ટિથી જુએ છે તે સ્ત્રી અવશ્ય કાણી થાય છે. તથા શરીર કાળુ અને બેડોળ રૂપ થાય છે.

* * * *

**મણકો ૧૯**—ઋષિઓએ કુળવતી પતિવ્રતા સ્ત્રીઓનો ધર્મ નિચે મુજબ કહ્યો છે.

સ્ત્રીએ પોતાના પતિને બહારથી ઘરમાં આવતા જોઇને તરત ઉઠીને ઉભા થવું. પતિ જોડે ભાષણ કરવામાં નમ્રતા રાખવી ને બેસવા આસન આપવું ને પતિ સેવામાં હાજર રહેવું. આ સતી સ્ત્રીઓના ગુણ છે.

* * * *

**મણકો ૨૦**—પતિવ્રતા સ્ત્રી પોતાના પતિના ચરણોદક ધોઇ પીવાથી (જેવી) શુદ્ધ થાય છે. તેવી દાન, તથા સેંકડો ઉપવાસ કરવાથી તથા તીર્થ સેવનવડે શુદ્ધ થતી નથી. આમ કહેવામાં કારણ એવું આપવામાં આવે છે કે સ્ત્રીને પોતાનો સ્વામી એજ દેવ તથા ધર્મ તથા તીર્થ છે. વળી શંકર તથા વીષ્ણુ કરતાં પણ સ્વામી શ્રેષ્ટ છે. ( ચાણાક્ય નીતિ )

* * * *

**મણકો ૨૧**—જે સ્ત્રી પોતાના સ્વામીનેજ દેવતા માને છે. તેજ પવિત્ર સ્ત્રી છે. તથા સ્ત્રીએ બાળપણામાં માબાપને તાબે રહેવું. યુવાવસ્થામાં પોતાના સ્વામીને તાબે રહેવું. મતલબ કે સ્ત્રીને સ્વતંત્રતા નથી એટલે સ્વતંત્રપણે કદી વર્તવું નહિ. **बृहन्नार.**

* * * *

**મણકો ૨૨**—સ્ત્રીએ પોતાના સ્વામીની આજ્ઞા વિના અગર સ્વામી શિવાય જુદો યજ્ઞ, વ્રત, કે ઉપવાસ કરવો નહિ. પણ (માત્ર) જે પતિશેવામાં તત્પર રહે તેને સ્વર્ગ મળે છે. **“बृहन्नार”**

* * * *

**મણકો ૨૩**—જે સ્ત્રી પોતાના પતિની આજ્ઞા સિવાય વ્રત અથવા ઉપવાસ કરે છે, તે સ્વામીનું આયુષ્ય હરે છે. ને પોતે નરકમાં પડે છે. મતલબ કે વ્રત ઉપવાસ અને ધર્મકાર્ય કરવામાં સ્વા-

મીની આજ્ઞા શિવાય કરવાં નહિ. તેમાં પણ સ્ત્રીને સ્વતંત્રતા નથી "બૃહન્નાર"

*　　*　　*　　*

મણકો ૨૪—સ્ત્રીએ ઉંચે સ્વરે બોલવું નહિ, પતિને અપ્રિય લાગે તેવું બોલવું નહિ. કોઇ સાથે વિવાદ કરવો નહિ. ઘણો ખર્ચ કરવાની ટેવ રાખવી નહિ. અને ધર્મ તથા અર્થનો વિરોધ કરવો નહિ. "વ્યાસસ્મૃતિ"

*　　*　　*　　*

મણકો ૨૫—જે કુળમાં સ્વામી ભાર્યાથી અને ભાર્યા સ્વામીથી નિત્ય સંતોષી રહે છે. તે કુળમાં નિશ્ચિત કલ્યાણ થાય છે. "મનુસ્મૃતિ"

*　　*　　*　　*

**अनने नारी वृत्तेन मनोवाग्देह संयता ।**
**इहाग्रयां कीर्तिमाप्नोति पतिलोकं परत्रच ॥**

મણકો ૨૬—ખરે આ પ્રમાણે નારીવ્રત પાળી મન, વાણી અને દેહને જે વશ રાખે છે. તે આ જગતમાં ભારે કીર્તિને પામે છે. અને પરલોકમાં પણ પોતાના સ્વામી સાથે સ્વર્ગને પામે છે.

*　　*　　*　　*

મણકો ૨૭—જ્યારે આ પુસ્તકથી સ્ત્રીઓ એમ માનતી હશે કે અમારે દાસત્વ સ્વીકારવું ? પણ સતી સ્ત્રીઓ એમ માનતી નથી. કારણ જ્યાં ખરો પ્રેમ છે ત્યાં તાબેદારી ટકી ન શકે, જ્યાં શુદ્ધ પ્રેમ છે ત્યાં દાસત્વ નાશ પામે છે. પરસ્પર ખરો પ્રેમ હોય તો એક બીજાના મનમાં હુકમ કરવાનું નથી આવતું, પરંતુ એક બીજાની મરજી સાચવવાનું એટલે હુકમ ઉઠાવવાનું તેના મનમાં આવે છે. પ્રેમાળ સ્ત્રી ધણીના હુકમની રાહ જોતીજ નથી, તેને જે જે જોઇએ તેની ગોઠવણ અગાઉથી કરી રાખે છે. તેની જેવી ઇચ્છા તે જુએ છે તે પ્રમાણે વર્તે છે. પ્રેમના સંબંધથી યુગલ સ્વરૂપ એક સ્વરૂપ બની

જાય છે ને પ્રેમથી હુકમવત્ કાર્યો પોતાની મેળે પોતાનો શુદ્ધ તૈયાર કરવા હુકમ કરે છે.

* * * *

**सु स्वभावा सुवचनो सुवृता सुखदर्शना ।**
**अनन्य चिता सुमुखी भर्तुः साधर्मचारिणी ॥**

**મણકો ૨૮**—જે સ્ત્રી સર્વ સાથે સારા સ્વભાવવાળી, મધુર બોલનારી, સદાચાર પાળનારી, નારીપતિમાંજ ચિત રાખનારી, તથા આનંદી મનવાળી હોય તેને પતિવ્રતા સ્ત્રી જાણવી. જે સ્ત્રી પોતાના પતિ સાથે સારાં વચનો બોલી તેના કહેવા પ્રમાણે વર્તે છે. તે સ્ત્રીને બુદ્ધિમાન લોક પતિવ્રતા સ્ત્રીઓમાં રત્ન કહે છે. "बृहन्नार"

* * * *

**મણકો ૨૯**—જે સ્ત્રી પોતાના પતિનું અપમાન ન કરતાં તેનામાં મન, વાણી, શરીરથી નિષ્ઠા રાખી રહે છે, તે પરલોકમાં પણ પોતાના સ્વામીના ઘરમાં છે અને આ લોકમાં સાધ્વી એટલે પતિવ્રતા કહેવાય છે. "મનુસ્મૃતિ"

* * * *

**મણકો ૩૦**—આવી રીતે સીતા, દમયંતી, દ્રૌપતી, સુકન્યા સાવિત્રી વિગેરે કોઇના પણ ઉજ્જવલ ચારિત્ર પ્રત્યે દૃષ્ટિ કરશો તો તમને માલુમ પડશે કે, પોતાના પતિઓના મહાન ગુણને લીધેજ તેઓ પતિના સંસારને સુખમય, સ્વર્ગમય, બનાવી; આ મૃત્યુ લોકમાં અમર નામના કરી ગઇ છે. તેમજ ઉજ્વલ—આદર્શ—કીર્તિ રાખી ગઈ છે.

**पतिर्हि देवता नार्या! पतिर्बन्धु! पतिर्गुरु।**
**प्राणैरपि प्रियं तस्माद्भर्तुः कार्यं विशेषतः ॥**

**મણકો ૩૧**—પતિજ સ્ત્રીજાતિનો દેવતા, પતિજ સ્ત્રીજાતિનો બંધુ (બંધુની પેઠે સહાયથી ગૃહકાર્ય ચલાવનાર) તેમજ પતિ નારી-

જાતિનો ગુરૂ છે. એ પતિનું કાર્ય મારા પ્રાણ કરતાં પ્રિય છે. પતિ-શેવા એજ સ્ત્રીજાતિનો મુખ્ય ધર્મ છે. એ વાત આ પુસ્તકમાં દર્શાવી છે. પણ પતિ શેવા સારી રીતે કરી શકાય તેનું વિવેચન કરશું માત્ર રસોઈ બનાવી, પતિને ભોજન કરાવ્યાથી અગર તો બીજું ઘર-કામ કરી પતિના કાર્યોનાં સહાયતા કર્યાથી પતિશેવા પુર્ણ થતી નથી વિગેરે પતિની સ્થ ભાવના પોતે બુધ્ધિનો ઉપયોગ કરી, સઘળું સમજી જવું જોઇએ પતિને જે સારૂં લાગતું હોય તેજ સ્ત્રીએ પસંદ કરવું. ને પતિ જેને તિરસ્કાર કરતો હોય તેનો સ્ત્રીએ પણ તિરસ્કાર કરવો જોઇએ.

*  *  *  *

न पितानात्मजोनात्मान माता न सखीजनः ।
इह प्रत्य च नारीणां पति रेकागतिः सदाः ॥

ભાણકો ઉ૦— અર્થાત–પિતા, પુત્ર, પોતાનો આત્મા, માતા તેમજ સખીઓ વિગેરે હોવા છતાં, નારીની એકજ માત્ર પતિ ગતિ રૂપ છે. આ વાસ્તવિક રીતે સ્ત્રીઓને પતિના જેવી બીજી કોઈ અતિ પ્રિય સામગ્રી છેજ નહિ. પતિજ તેમનો આત્મા, પતિજ તેમનું મન, પતિજ તેમનો દેહ, તેમજ પતિજ તેમનું સર્વસ્વ છે. માત્ર એટલુંજ નહિ પણ પતિનું મુખ્ય તેમની આગળ અગાધ છે. પતિજ તેમનો સ્વર્ગનો લ્હાવો લેવરાવનાર તેમજ–પતિજ–મહાન દેવતા–પરમાત્મા છે, કે જેની શેવા–ભજન કરવાથી ભૂમીકા વિષે આનંદ ભોગવી સ્વર્ગીય ધામ પહોંચાડે છે.

*  *  *  *

**મણકો ૩૩**—હિંદુ શાસ્ત્રોમાં લખેલું છે કે જો કોઈ પણ સ્ત્રી તેત્રીસ કરોડ દેવતાઓની ભક્તિ નહિં કરતાં માત્ર એકલા પતિનીજ સેવા કરે છે. તો તેની સદ્ગતિ થાય છે.

**મણકો ૩૪**—ત્યારે પતિની શેવા તરફ દુર્લક્ષ્ય કરી કોઈ સ્ત્રી સઘળા દેવદેવાધીની સેવા અગર ભક્તિ કરે તેમજ તીર્થયાત્રા કરે છે. પણ પતિ શેવા-ભક્તિ વિના ઉદ્ધાર થતો નથી. તેમજ હિંદુ શાસ્ત્રોમાં વિશેષમાં જણાવે છે કે સ્ત્રીજાતિને વિવિધ વ્રત, ઉપવાસાદિક કરવાની પણ કંઈ ખાસ જરૂર નથી. પતિ શેવાજ તેમનું મુખ્ય વ્રત છે. જે સ્ત્રી પતિશેવાના વ્રતનો ત્યાગ કરી બીજાં વ્રતો તેમજ યજ્ઞાદિ કરવામાં મશગુલ રહે છે. તેને મૃત્યુ પછી નરકમાં નિવાસ કરવો પડે છે. આ ઉપરથી તાત્પર્ય લેવાનું એ છે કે અંતતઃમહત્ સ્વાર્થને માટે તમે તમારો નૈસર્ગિક સ્નેહ પતિ દેવના ચરણકમળમાં અર્પણ કરી દ્યો. પતિપર સ્નેહ રાખવાથી જે સુખ પ્રાપ્ત થાય છે. પતિના સ્નેહ-આશિર્વાદ તેમજ મંગળ સાધનામાં જે શાંન્તી અનુભવાય છે, એ શાન્તિ-તેમજ સુખ. અપુર્વ હોય છે. જે કાર્યથી તમારા પતિને સહજ પણ અશાન્તિ થાય તેમ હોય તો તે કાર્ય કદાપિ કરશો નહિ. પતિ જો કદાચ સ્વેચ્છાથી તમારી વિરૂદ્ધ વર્ત્તન ચલાવે તો પણ એટલું ખાસ યાદ રાખજો કે એ તમારો પતિ (પ્રભુ) છે. તે ભલે પોતાની ઇચ્છામાં આવે તેવો વ્યવહાર તમારી સાથે ચલાવે; પરંતુ તમારૂ કર્તવ્ય શાંન્તિથી તેમની શેવા કરવાનું છે. એટલુંજ નહિ પરંતુ પતિના અસંખ્ય દોષો જોવામાં આવે તો પણ તમારે કદાપી તેમના પર અપ્રસન્ન થવું નહિ.

## દ્રષ્ટાંત ॥ ૧ ॥

**મણકો ૩૫**—રામચંદ્રજીએ અપુર્વ સ્નેહમયી સીતાને વિના અપરાધે વનમાં કાઢી હતી. ભયંકર વન, જંગલમાં એકલી સીતાને કેટલું બધું કષ્ટ સહન કરવું પડ્યું હશે આમ છતાં સીતાદેવી કદાપી રામચંદ્રજીથી રીસાયાં નહોતાં યાતો નારાજ થયાં નહોતાં ને તેમાં પોતાના ભાગ્યનોજ વાંક દર્શાવ્યો હતો.

## " પાર્વતીએ કરેલું સ્ત્રીધર્મનું વર્ણન. "

**મણકો ૩૬**—એક દિવસ દેવાધિદેવ મહાદેવે સતી પાર્વતીજીની પાસેથી સ્ત્રીધર્મનું વર્ણન સાંભળવાની ઇચ્છા કરી હતી. તેના ઉત્તરમાં પાર્વતીદેવીએ કહ્યું હતું કે—પ્રભુ ! સ્ત્રીધર્મ જેટલો હું જાણું છું તેટલો કહી જણાવું છું—

પિતા માતા વિગેરે આત્મીય સગાં સંબંધીઓની સંમતિ લઇ યોગ્ય પાત્ર સાથે પરણવું એ સ્ત્રીનો મુખ્ય ધર્મ છે.

પતિભક્તિજ સ્ત્રીનો સર્વોતમ મુખ્ય ધર્મ છે, તથા તેની તપસ્યાને તેમનું સ્વર્ગ છે. પતિશેવા સિવાય સ્ત્રીનો બીજો ધર્મ યાતો વ્રત નથી. પતિજ સ્ત્રીનો પરમ દેવતા-પરમગતિને પહોંચાડનાર છે. સ્ત્રીજાતિને માટે પતિનો પ્રેમ સ્વર્ગ કરતાં પણ શ્રેષ્ટ છે. જે સ્ત્રી આ વાત નથી સમજતી તેના જેવી અધમ સ્ત્રી બીજી એક પણ નથી.

હે નાથ ! પતિ જો અપ્રસન્ન અર્થાત્ નારાજ રહે છે તો સાધ્વી સ્ત્રીઓ સ્વર્ગ મેળવવાની ઇચ્છા રાખતી નથી. પતિ દરિદ્ર હોય, રોગી

હોય, વૃદ્ધ હોય, કદરૂપો હોય, તથા કદાચિત શ્રાપ પામેલો હોય તો પણ તે સ્ત્રી જાતિનો દેવતા છે. તેની આજ્ઞા પ્રત્યેક સ્ત્રીએ પ્રસન્ન મુખે કોઇ પણ પ્રકારના સંકોચ શિવાય પાળવી જોઇએ. હે દેવાધિદેવ! જે સ્ત્રીનું ચારિત્ર ઉત્તમ પ્રકારનું છે, જે પ્રિયદર્શના છે, તે કદી પતિને અપ્રિય વાત કહેતી નથી. તે હમેશાં તેના પ્રત્યે સારો નિષ્કપટી વ્યવહાર રાખે છે. પતિનું મુખ જોઈ તે સ્વર્ગસુખ અનુભવે છે. અને આહાર નિંદ્રા ભુલી જાય છે. જે સ્ત્રી હમેશાં સ્ત્રીધર્મ જાણવાને અને પાળવાને ઉત્સાહીની છે, જે પતિના વ્રતમાં અનુરક્ત છે, જે પતિનેજ પોતાનું સર્વસ્વ માને છે, પતિનું ધ્યાન ધરવામાંજ મગ્ન રહે છે, તેજ સ્ત્રી ખરી સતી છે. **તેમનુંજ જીવન ધન્ય છે.** હું એવી સ્ત્રીના અંતરમાં રહું છું. હે નાથ! જે સ્વામીની શેવા કરવામાં અને સ્વામીને વશ થઈ રહેવામાં વિશેષ આનંદ અનુભવે છે.

સ્વામી કટુ વચન કહે—યા તો ક્રોધે ભરાય તો પણ સતી સ્ત્રી ક્રોધે નહિ ભરાતાં તેમની પ્રિતી પ્રાપ્ત કરવામાં મશગુલ રહે છે. જે પરપુરૂષનું મોં સુદ્ધાં જોતી નથી—સ્વામી દરિદ્ર, રોગી, નિર્ધન, અપંગ હોવા છતાં મનસા, વાચા, ને કર્મણાથી તેમની શેવા કરે છે. જે કાર્ય કરવામાં ચતુર અને નિરંતર પતિપરાયણ છે, જે વિષય કામના ઐશ્વર્ય, તથા સુખ વિલાસનો ત્યાગ કરી માત્ર સ્વામી શેવાને ઇચ્છે છે. જે પ્રભાતકાળે ઉઠી ઘર સાફ કરી પતિની સાથે મળી, વિવિધ પ્રકારના વ્રતોપવાસ કરે છે, અને પતિને સંતોષી, અતિથીનો સત્કાર કરે છે, જે સાસુ સસરાને સંતોષે છે, અને દીન દુઃખીઓના પ્રત્યે દયા દર્શાવે છે, તેજ સ્ત્રી સ્વર્ગને મેળવી શકે છે. હે પ્રભુ! આ ઉપર પ્રમાણે સ્ત્રીધર્મનું વર્ણન યથાશક્તિ આપની આજ્ઞાથી જણાવ્યું છે.

તે સ્ત્રીઓ હંમેશાં મનન કરી તેજ પ્રમાણે વર્તે છે. ને પતિ શેવામાં તત્પર રહી સંતુષ્ટ કરે છે તે નિશ્ચય સ્વર્ગવાસીનિ બને છે.

## "દ્રૌપદીએ સત્યભામાને કહેલું સ્ત્રીધર્મનું વર્ણન."

મણુકો ૩૭—બ્હેન ! પતિના આશ્રયમાં રહેવું. એજ સ્ત્રીનો મુખ્યધર્મ છે. પતિજ નારીજાતિનો દેવતા અને તેનીજ એક માત્ર ગતિ છે. તેથી પતિ નારાજ થાય તેવું કાર્ય પત્નિએ કદી કરવું નહિ. સ્ત્રીજાતીને પતિના જેવો એક પણ બીજો દેવ નથી. જુઓ પતિજ સ્ત્રીના સર્વ સુખોનુ મૂળ છે. તેમના પ્રસાદમાંજ તેમને સંતાન વિષય-વૈભવ-ઉત્તમ શય્યા-વિચિત્ર આસન-વસ્ત્ર-ગંધ-પુષ્પ-કિર્તિ તથા સ્વર્ગની પ્રાપ્તી છે. આવા પતિને કદી કોઇ પણ કારણને લીધે નારાજ કરવા જોઇએ નહિ. હું કદી તેમનાથી વિરૂદ્ધ થઇને કોઈ કાર્ય કરતી નથી. તેમના સૂતા પહેલાં સઈ રહેતી નથી, તેમના ભોજન કર્યા પહેલાં ભોજન કરતી નથી. તેમની ઉપેક્ષા કરીને કોઈ પણ પરમ સુંદીર પરપુરૂષનું એટલે સુધી કે, ગંધર્વ, કિન્નર, યાતો દેવતાઓનું પણ કદી મોં જોતી નથી. જે વસ્તુઓ તેમને પસંદ હેતી નથી તે વસ્તુઓને હું વિષ સમાન સમજું છું. તેમનો ઉપદેશ હું સકેત થતાંની સાથેજ સ્વીકારી લઇને તે પ્રમાણે કાર્ય કરૂં છું.

* * * *

॥ श्री परिक्षा किर्त्ती ने तु पुस्ति ॥

મણકો ૩૮—અર્થાત્ જ્યારે પતિ પાસે પૈસો હોતો નથી ને નિર્ધન અવસ્થા આવે છે. ત્યારે સ્ત્રીની ખરી કસોટી જણાઈ આવે છે. કારણ પૈસા હીન પતિને મ્હેણાં ટુણાં મારવાને બદલે સંતોષ આપવો જોઇએ ને ધીરજથી ગૃહસંસાર ચલાવવા તત્પર રહી નાના સુખમાંજ સ્વર્ગીય આનંદ ભોગવવો.

*　　　*　　　*　　　*

મણકો ૩૯—દરેક સ્ત્રી ગમે તેટલી કેળવાયલી હોય તો પણ યાદ રાખવું કે પતિનો પ્રેમ તે એક અમુલ્ય જવાહીર છે. તે મેળવવા યત્ન કરવો કે જેથી સુખમય જીંદગી ગુજારી પ્રેમભક્તિ-રૂપી જવાહિરનો વારસો ઇશ્વરને ઘેર પણ મળે છે.

*　　　*　　　*　　　*　　　*

મણકો ૪૦—દરેક રંક અગર રાય વિદ્વાન અગર સામાન્ય પણ સદ્‌ગુણી ગૃહિણીના જીવનની ઉચ્ચતા માત્ર તેણે મેળવેલા પતિ પ્રેમથીજ છે. પતિ એજ જેનું જીવન છે—પતિ એજ જેનો પ્રાણ છે. તેને કદાપી પતિના દરજ્જે પૈસા—વૈભવ—સત્તા કે વિદ્વતાનો મહાન દરજ્જો અધમ ગણે છે.

*　　　*　　　*　　　*　　　*

સીતા, સાવિત્રી અનસૂયા અને દમયંતી વિગેરે ભારતનાં સ્ત્રી રત્નોએ પોતાના પતિવ્રત માટે પ્રાણ આપ્યો છે. શીયળ માટે ઘણાં દુઃખો સહન કર્યાં છે. ને મહાન ટેકધારી સતિત્વ જાળવ્યું છે.

*　　　*　　　*　　　*　　　*

મણકો ૪૧—સ્ત્રીઓને આ સંસારમાં તારનાર તથા આ

લોકમાં ને પરલોકમાં સુખ આપનાર પતિ શેવાજ છે. છતાં ઘણીજ ભણેલી તેમજ અભણુ, ડાહી તેમજ મુર્ખ સ્ત્રીઓ આ પતિશેવાને કોરાણે મુકી સુખને અર્થે દેવદેવળોમાં દર્શન અર્થે ને તેવાજ સ્થળોમાં કથા શ્રવણ કરવાને આમતેમ આથડે છે. પણ તેવી સ્ત્રીઓને પતિશેવાની ખબર હોતી નથી, તેથી તેવી સ્ત્રીઓ "બહાર જાય ત્યારે ડાહી ને ઘરમાં આવે ત્યારે ગાંડી" એ લોક વચનાનુસાર વર્તે છે. તેઓ પોતાના પતિ સાથે હરેક પ્રસંગે કજીઓ કરે છે. જેથી પોતાના પતિને સંતોષ નહિ આપનાર સ્ત્રી ચાહ્ય તો તપ કરે કિંવા ઉપવાસો કરી મરી જાય તોપણ પતિશેવા વિના તેના ઉપર ઇશ્વરનો અનુગ્રહ થતો નથી ઇશ્વરનો અનુગ્રહ પ્રાપ્ત કરવાનું સાધન સ્ત્રીઓને માટે પતિ શેવાજ છે.

* * * *

## "શકુન્તલાને સાસરે વળાવતી વખતે કણ્વરૂષિએ આપેલા ઉપદેશીક શબ્દો."

મણકો ૪૨—(૧) સ્વામીએ કદાપી ન ગણના કરી હોય તો રોષથી કંઈ પણ વિરૂદ્ધ આચરણ કરીશ નહિ ને પતિને સંતોષ આપજે.

* * * *

મણકો ૪૩—સ્ત્રીએ પતિ પ્રત્યે શુદ્ધ પ્રેમ બતાવવો. પ્રેમ વિના આ જગત શુન્ય અરણ્ય જેવું થઈ જાય છે. સંસાર

ખારો ઝેર લાગે છે. અને કુટુંબમાં એક ક્ષણ પણ રહી શકાયજ નહિ. એ પ્રેમ સર્વત્ર છે પણ પ્રેમનું મુખ્ય સ્થાન, એનો અધિષ્ટાતા દેવ સંસારમાં તો સ્ત્રી પોતેજ છે. પ્રેમમાં બંધાઇ સ્ત્રીઓએ જે મહાન કાર્ય કર્યાં છે. તેવાં ખરી મરદાઇનાં કોઇ પણ ઠેકાણેથી મળવાં અશક્ય છે. કોમલ સ્ત્રીઓએ વિકટ યુદ્ધમાં વિજય સાથે સંહાર કર્યો છે. ભડભડ બળતા અગ્નિમાં હસતે મોંએ પોતાનો દેહ પ્રજાળી નાખ્યો છે. પણ તે બધું શાથી અને શા માટે! માત્ર પ્રેમથી અને પ્રેમને માટેજ તેમણે જેને પોતાના પ્રેમનું સ્થાન એક સમયે ગણ્યો તે પતિજ–પતિનેજ પોતાનો મિત્ર–ગુરૂ–ઇશ્વર ને પોતારૂપ જાણ્યો છે. એમ જાણવાથી અંતિમ કાર્ય કરવા સમર્થ થઇ–સતી શિરોમણીમાં ગણાઇ–જગતને તે પવિત્ર કરી ગઇ છે.

સમાપ્ત.

# પદ્ય પ્રારંભ

( ગઝલ-કવ્વાલી. )

પતિ શેવા પછી પરમેશ, નિશાની એ સતીની છે;
ધરે નિજ ધ્યાન સ્વામીનું, પુરૂષ પરને ધિક્કારે છે.
કરે આજ્ઞા પતિ તો એ, સહર્ષે સહુ ઉઠાવે છે;
પતિ 'કો' રીતથી રીઝે, યોજે યુકિત સતિ એ છે.
નમી નિજ નાથને વર્તે, સુખે સ્વર્ગે સિધાવે એ;
રહે જન એ સંબંધીથી, સુસંપેથી ચલાવી એ.
ગયે પરદેશ પતિ તો એ, તજી શણુગાર સતી દે છે;
કહે સાસુ અને સસરા, હુકમ તેના ઉઠાવે છે.
નહિ નિજ નાથને કનડે, મળે જેમાં ધરી સંતોષ;
પતિનો પ્રેમ મેળવતાં, સતી શાણી ધરે સંતોષ.
પોકારે શાસ્ત્ર પુરાણો, વિના આધાર નથી વહતો;
કરે શેવા પતિ પ્રેમે, સ્વર્ગનો શ્રેષ્ટ એ રસ્તો.
આલેખ્યું કાવ્ય આજે મેં, રહી ઉલટુંજ વર્તે એ;
બને છે નરકવાસીની, પુરે છે શાસ્ત્ર સાક્ષી એ.
નથી વીણુ કામ જાતી બહાર, ધરે નિજ નાથનું ચિંતન;
વદે "વિદ્યાવિલાસી" એ, પતિ પ્રેમે રહે લીનતાન.
શીખામણુ સૂણીને સતિઓ, પ્રકાશો દિવ્ય નિતીને;

સ્વીકારી શીખ "પુરૂષોત્તમ," દિપાવો આર્યભૂમિને.
પતિનો પ્યાર પેખીને, ધરે શાણી સતિ સંતોષ;
સતિ એ શુભ લક્ષણી, પતિવ્રતા સતિ એ છે.

( સખી સ્વપ્નામાંહી મનમોહન મેં—એ રાગ. )

નિજ નાથતણી શેવાય કરે, આનંદ અતિ મનમાંહી લહે;
પતિ પ્રિયમતિયે મતિય ધરે, સ્ત્રીને આભુષણ ઉત્તમ એ૦
ભલે નાથ અતિ કંગાલ બને, પણ નાથ પ્રિય નિજ પ્રાણ ગણે;
ને શાન્ત ચિત્તે સૌ ભ્રાન્ત હરે, સ્ત્રીને આભુષણ ઉત્તમ એ૦
ભલે નાથ દીલે કંઇ રોગ ધરે, કે અપલક્ષણથી યુકત બને;
કદી ભાગ્યબળે ગુણીયલ ઠરે, સ્ત્રીને આભુષણ ઉત્તમ એ૦
વળી નાથ રખે દુર્ગુણી મળે, દુઃખની વાદળી શિર ઢળે;
પણ ઈશ્વર એજ પતિય ગણે, સ્ત્રીને આભુષણ ઉત્તમ એ૦

## —ગૃહદેવી—

( સવૈયા છંદ. )

ઉંચું નીચું કે અછાજતું, વસ્ત્ર કદી તે નવ પહેરે;
સ્વચ્છપણે સુંદરતા માની, પતિ ઘરમાં રે'છે લે'રે૦
આભૂષણ વસ્ત્રોને માટે, પ્રિયપતિને નવ સંતાપે;

ઘરની સંપત સમજી પતિને, ગૃહ સુખસદન કરી સ્થાપે૦
સદ્ગુણરૂપ આભૂષણ વસ્ત્રો, શરીરપર જે ના છાજે;
સહનશીલ સંતોષી બનીને, કદી ઉંચે સ્વર ના ગાજે૦
ભ્રાતૃભાવથી અવર પુરૂષને, પ્રિયબંધુ સમ ગણી લેખે;
નેહ ભરી નીચી દ્રષ્ટિથી, પતિવીણ પ્રિય સઘળા પેખે૦
દીનપણાની દીનતા કદીએ, કોઈ પાસ નવ બોલે;
મદદ કરે સ્વામીને હરનિશ, સમજી પતિ પ્રભુના તોલે૦
ઘરનું કામ કરે પુરૂં પણ, પરનિંદામાં નવ પેસે;
ભરત ગુંથણું શિવણ કે બીજું, શુભ વાંચનને લઈ બેસે૦
સ્વભાવ પોતે સમજી પતિનો, કંટાળો કદી નવ આપે;
આગળથી સઘળું સમજીને, પતિ મરજીરૂપ કરી સ્થાપે૦
અહાર, નિંદ્રા ઇંદ્રિય જીતી, પતિ પ્રભુની સેવા સેવી;
સ્વર્ગ મૃત્યુ પાતાળ ભુવનમાં, કીર્તિ લહે પોતે દેવી૦
ક્રોધ દ્રષ્ટિથી કદી જુએ નહિ, પ્રેમદૃષ્ટિ સઘળામાં છે;
ગૃહલક્ષ્મી ગૃહદેવી એવી, સુખ એથી અધિક શું છે૦

## —નારી ધર્મ—

( ગઝલ. )

ગયું છે બાળપણ તારૂં, યુવાનીમાં હવે આવી;
ઉરે ધરજે વચન મારૂં, પ્રગટ આનંદને લાવી—

પીતાનું દ્વાર છોડીને, પધારે સાસરે જ્યારે;
પતિ શું સ્નેહ જોડીને, નીતીથી વર્તજે ત્યારે—
વડીલ જે સાસરે તારાં, હુકમ તેનો ઉઠાવીને;
કરી લેજે સહુ પ્યારાં, અખંડીત પ્રેમ લાવીને—
પતિને દેવ સમધારી, અતિ શેવા કરી લેજે;
વળી સ્ત્રીધર્મ વિચારી, સુખો સંસારનાં દેજે—
નજીવા નારીના ભોગો, વિષે લાલચ નહિ કરતી;
વિષયમાં છે અતિ રોગો, ગણીને પ્યાર ના ધરતી—
પતિનો પ્યાર મેળવતાં, મળે જે સુખ સંસારે;
રહી આનંદને ભોગવતાં, બહુ સંતોષને ધારે—
પતિ શેવા તણી ભક્તિ, અહો એ મોક્ષ બારૂં છે;
રીઝવવા નાથને શકિત, અતિ કલ્યાણ તારૂં છે—
વદે છે શાસ્ત્રના ગ્રંથો, પ્રભુની તુલ્યના પતિ છે;
ગૃહે જે નાર સુપંથે, જરૂર તે સ્વર્ગમાં જતી છે—
શિયળનું સત્ય સાચવતાં, પડે જો કાય આ કાચી;
ખુશીથી પ્રાણને તજતાં, કસોટીમાં ઠરે સાચી—

## —સ્ત્રી નીતિધર્મ—

( પુનમચાંદની ઈ૦—એ રાગ. )

સખીઓ નિજ નિજ નીતિ ધર્મ સદા સંભાળીએરે,

પરમ પવિત્ર પતિવ્રત પટકુળ કરી પરિધાન,
સાસુ સસરા માત પીતાની સેવા સાચવોરે;
ભાવ સહિત ભક્તિથી નિત ભજીએ ભગવાન,
એવા ઉત્તમ ગુણુથી ઉભય સુકુળ અજવાળીએરે. (ટેક)

(સાખી.)

નજરે નજર નવ જોડીએ, નાથ વિના નરસાથ;
પરનરને નવ આપીએ, તાળી હાથોહાથ.
હસવું રમવું જમવું એકાંતે નવ બેસવું રે,
પતિવિણુ પતિના પણુ સન્મિત્રોની સંગાથ—એવા૦

(સાખી.)

નાથ વિના કરવી નહિ, વિનોદ રસની વાત;
વિધિ વિરૂદ્ધ ન વર્તવું, ભલે તાત કે ભ્રાત.
સજની ભ્રષ્ટ થવું નહીં સુધરી સદ્ આચારથીરે,
નિર્લજ નટખટની સોબત તજવી સુજાત—એવા૦

(સાખી.)

કુષ્ટી કરુપ કુબડો, નિર્ધન નિર્બળ કાય;
મતિહીન પતિત પતિ મળે એ સતીને સુરરાય.
જોડી પગ અંગુઠે દ્દષ્ટિ આઘું ઓઢીએરે;
સુખકર સાચવીએ સૌ સાથે સંપ સદાય—એવા૦

(સાખી.)

ઉંચે સ્વરે ન ઉચરવું, મુકીને મરજાદ;
કુલીન બેન કરવો નહિ, વડીલથી વિવાદ.

ચંચળ ચાલે ચટક મટક ચતુરા નવ ચાલીએરે,
"શિવ" સુત "કેશવ"ની શિખામણ અંતર યાદ—એવા૦

## —અમે ઘેલાં—

( ગઝલ. )

અમે ઘેલાં ! સદા ઘેલાં ! પતિના પ્રેમમાં ઘેલાં !
અમે છેએ સદા ઘેલાં ! પતિના સ્નેહમાં ઘેલાં !
પતિના સ્નેહની પાસે, અમારે કાંઈ નહિ ન્યુન;
પતિની સ્નેહ દૃષ્ટિમાં, અમે ઘેલાં ! અમે ઘેલાં !
સુખો દુઃખો તણા રાશી, કદી કર્મે પડે શીરપર;
પતિના સ્નેહની પાસે, અમારે છેજ એ તૃણવત્ !
નથી તૃષ્ણા કંઇ બીજી, પતિના સ્નેહના વિના;
નથી આશા કંઇ, પતિના પ્રેમના વિના.
પતિના સ્મિતની પાસે, નથી સુખસ્વર્ગની કિંમત;
પતિના સ્મિતમાં રમતાં, અમે ઘેલાં ! અમે ઘેલાં !
દુનિઆ છો ગણે ઘેલાં, નથી તેની કશી પરવા !
દુનીઆ છો ગણે ગાંડાં, અમે ઘેલાં ! અમે ઘેલાં !
પતિના સ્નેહ અમૃતથી, હૃદય સીંચ્યું થયાં ઘેલાં !
'હું' ને મારૂં ગયું નાસી, થયાં ઘેલાં ! થયાં ઘેલાં !

હવે ડાહ્યાં નહિ થઇએ, હૃદય ઘેલું બન્યું છે જે.
હૃદય મળી બે થયાં એક, થયાં ઘેલાં ! થયાં ઘેલાં !
હવે ઘેલાં થયાં ઘેલાં, અમે ઘેલાં સદા ઘેલાં;
પતિના પ્રેમની પાસે, અમે ઘેલાં ! અમે ઘેલાં !
પતિના સ્નેહની પાસે, અમે ઘેલાં ! અમે ઘેલાં !

( છપ્પા. )

શુદ્ધ પ્રેમ વસ થઇ જાનકી જઈ વન વસીયાં,
પંચાળી પતિ સંગ તજીને કદી ન ખસીયાં;
દમયંતી સહી દુઃખ રહી પરઘર થઈ દાસી,
પતિ એ તજીને પ્રેમ તજી પણ થઇ ન ઉદાસી.

સદ્ગૂણવંતી નાર, સદા પતિને સુખ આપે;
સદ્ગુણવંતી નાર, કુળને ઉત્તમ થાપે.
સદ્ગુણવંતી નાર, સંતતીને શુભ બોધે,
સદ્ગુણવંતી નાર, સાર સોમાંથી શોધે.

( ગઝલ કવ્વાલી. )

ઉઠો વ્હાલા થયું વ્હાણું, વચન વદને વદે હસતી;
કરે છે સ્નેહ સત્કારો, ભણીને પ્રેમની ભકિત—

ઉઠી વ્હેલી સહુ પે'લી, પતિ પ્રીતે પ્રભુ ધારી;
પતિ જાગો દીઓ દર્શન, ઉભી કરજોડ આભારી—
તજી નિંદ્રા પતિ જાગે, દીએ છે દંતધાવન એ;
પ્રીતે જળનાં દઈ પાત્રો, કરાવે સ્નાન સતીઓ એ—
દઇ પુજા તણાં પાત્રો, કરી ઉઠે પુરી સંધ્યા;
બીરાજો પાટલે પ્યારા, કહી આસન અર્પે છે—
પ્રિતેથી પીરસી ભાણું, વારિથી પુરતી પ્યાસો;
કરી મનગમતી વાતો, હૃદયમંદીર કરે વાસો—
જતાં ધંધે પતિ પ્યારા, સિધાવો આવજો વ્હેલા;
પછી ભોજન કરી પોતે, સદન સ્વચ્છતા કરે વ્હેલા—
કહેલો વાયદો પુરો, થતાં મળવા થઇ પ્યાસી;
જોતીતી નાથની રાહો, પધારે ! સ્વાગતી દાસી—
સમી સાંજે થતાં સંધ્યા, પ્રભુ ભકિત વદન વદતી;
બીછાવી શોભતી શય્યા, પતિ પોઢો પ્રિયા વદતી—
હશે સ્વામી શ્રમિત જરીએ, ચરણ શેવન કરે વ્હાલી;
પતિની તૃપ્તી ઇચ્છા, ઈસારે સાધતી સલૂણી—
મળે શ્યામા સલૂણી આ, પછી શું સ્વર્ગની ઈચ્છા;
સતીથી સર્વ સૂખો છે, વદી "પુરૂષોતમે" ઇચ્છા—

સમાપ્ત.

# જાહેર ખબર.

નિરૂદ્યમીને ઉદ્યમી તથા નિર્ધનને
ધનવાન બનાવનાર અત્યુત્તમ
હુન્નરોથી ભરપુર

## "તાજેતવંગર"

નામનું પુસ્તક મંગાવો.

કિંમત મુજ રૂ. ૦-૩-૦ ટીકીટો બીડો.

લખો:—

પી. એસ. ભટ્ટ. ( ગવાડાકર )
મુ. ગવાડા પોસ્ટ
તા. વિજાપુર—( ઉત્તર-ગુજરાત )